For live updates : **Like** /Gujaratmitra | **Follow** /Gujaratmitra | /Gujaratmitr | **Subscribe** /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



રોશનીના ઝળહળાટથી વડોદરા બન્યું રંગીન દિવાળી અને નૂતન વર્ષના પર્વની ઉજવણીના ભાગરૂપે વડોદરા શહેરના રાજમહેલ રોડ, કમાટીબાગ, સયાજીગંજ સહિતનાં ઐતિહાસિક સ્થળો અને ઈમારતોને આકર્ષક રોશનીથી શણગારવામાં આવ્યાં હતાં. રંગબેરંગી રોશનીના ઝળહળાટથી શહેરની સુંદરતામાં ચાર ચાંદ લાગ્યા હતા અને રાત્રિના સમયે નયનરમ્ય નજારો સર્જાયો હતો. **(તસવીર :રણજીત સૂર્વે)**





પરિવાર સાથે ફટાકડાની આતશબાજીનો આનંદ દિવાળીના પર્વની ઉજવણીના ભાગરૂપે વડોદરાવાસીઓએ પરિવારજનો સાથે ફટાકડા ફોડી તહેવારનો આનંદ માણ્યો હતો. રંગબેરંગી આતશબાજી અને આકાશમાં ઝળહળતી રોશની વચ્ચે બાળકો સહિત પરિવારના સભ્યોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ખુશી અને ઉમંગ સાથે દિવાળીની ઉજવણી કરી હતી.

વેપારીઓએ ચોપડા પૂજન કરી નવા વર્ષના હિસાબો શરૂ કર્યા; વડીલોના આશીર્વાદ લઈ એકબીજાને 'સાલ મુબારક'

આજે નૂતન વર્ષ: ઉત્સાહ, ઉમંગ અને ખુશીઓનો ઉલ્લાસ

BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાન સમક્ષ આશરે ૧૨૦૦થી વધુ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવાશે

(પ્રતિનિધિ) વડોદરા તા.૨

દિવાળીના તહેવારોની પૂર્ણાહુતિ બાદ કારતક સુદ એકમના રોજ સંસ્કારી નગરી વડોદરાના નાગરિકોએ પરંપરાગત ઉત્સાહ, ઉમંગ અને હર્ષોલ્લાસ સાથે વિક્રમ સંવત ૨૦૮૨ના નવા વર્ષને ભવ્ય રીતે આવકારશે. સમગ્ર વડોદરા શહેર નૂતન વર્ષના ઉમંગ અને રોશનીથી ઝળહળી ઉઠ્યું હતું.



નવા વર્ષના પ્રારંભે વડોદરાવાસીઓએ વહેલી સવારે નવા પરંપરાગત વસ્ત્રો ધારણ કરી, પોતાનાથી વડીલોના ચરણ સ્પર્શ કરી આશીર્વાદ લેવાની પરંપરા. યુવાવર્ગે ફટાકડા ફોડી અને એકબીજાનું મોઢું મીઠું કરાવીને નવા વર્ષની ઉત્સાહભેર ઉજવણી કરશે. સોશિયલ મીડિયા તેમજ રૂબરૂ મળીને મિત્રો, સગા-સંબંધીઓ અને સ્નેહીજનોને "નૂતન વર્ષાભિનંદન" અને "સાલ મુબારક" કહી સુખ-સમૃદ્ધિની મંગલકામનાઓ પાઠવવામાં આવશે. શહેરના રાજકીય અગ્રણીઓ, સામાજિક કાર્યકરો અને મહાનુભાવોએ પણ નાગરિકો સાથે સ્નેહમિલન યોજીને શુભેચ્છાઓનું આદાનપ્રદાન કરશે.

નૂતન વર્ષની ઉજવણીની મુખ્ય વિશેષતા રહી તે મંદિરોમાં દર્શન અને ભવ્ય અન્નકૂટ મહોત્સવ. વડોદરાના પ્રખ્યાત મંદિરોમાં વહેલી સવારથી જ આસ્થાનો અદ્ભુત માહોલ જોવા મળશે. ખાસ કરીને અટલાદરા સ્થિત BAPS સ્વામિનારાયણ મંદિર ખાતે ભગવાન સમક્ષ આશરે ૧૨૦૦થી વધુ વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવવામાં આવશે. આ અલૌકિક દર્શન કરવા માટે વહેલી સવારથી જ હજારો ભક્તોની ભારે ભીડ ઉમટી પડશે.

ધાર્મિક માન્યતાઓ મુજબ, બેસતા વર્ષના દિવસે જ ભગવાન શ્રીકૃષ્ણએ દેવરાજ ઈન્દ્રના પ્રકોપથી ગોકુળવાસીઓને બચાવવા માટે ગોવર્ધન પર્વત પોતાની ટચલી આંગળી પર ઊંચક્યો હતો. આ જ પરંપરા અને સ્મૃતિરૂપે બેસતા વર્ષની સવારે મંદિરોમાં ભગવાનને અન્નકૂટ ધરાવવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં પ્રચલિત વિક્રમ સંવત કેલેન્ડર ઉજ્જૈનના રાજા વિક્રમાદિત્ય સાથે જોડાયેલું છે, જેનું નવું વર્ષ આ કારતક સુદ એકમથી જ શરૂ થાય છે.

વેપારી મથક ગણાતા વડોદરા શહેરમાં વ્યાપાર જગત માટે પણ આ દિવસ વિશેષ મહત્વ ધરાવે છે. દિવાળીના પાવન અવસરે અને નૂતન વર્ષના પ્રારંભે વેપારીઓએ લક્ષ્મી પૂજન તેમજ ચોપડા પૂજન કરીને પોતાના નવા વર્ષના હિસાબો અને વ્યવસાયના મંગલ શ્રીગણેશ કર્યા હતા. વેપારી પરિવારો દ્વારા નવી ચોપડીઓની શરૂઆત કરી ધંધા-રોજગારમાં બરકત રહે તેવી પ્રાર્થના કરવામાં આવી હતી.

નવા વર્ષના આ પર્વ નિમિત્તે ઘરોમાં પરિવારના તમામ સભ્યોએ સાથે મળીને ભોજન લઈ અને નવા વર્ષની ઉજવણી કરશે. સાંજ પડતાની સાથે જ ફતેગંજ વિસ્તાર તેમજ સિટી વિસ્તાર સહિત સમગ્ર શહેરમાં નવા વર્ષની ઉજવણીનો માહોલ વધુ રંગતદાર બનશે અને નાગરિકોએ ઉત્સવના માહોલને ઉત્સાહપૂર્વક ઊજવશે.

દિવાળીની રોશની વચ્ચે રાવપુરા બજારમાં મોડી રાતે સસ્તી ખરીદીની હરાજીનો અનોખો મેળાવડો

વડોદરામાં દિવાળીના પર્વની રોશની અને ફટાકડાની આતશબાજી વચ્ચે ઐતિહાસિક રાવપુરા બજારમાં અનોખી રોનક જોવા મળી હતી. દિવાળીની મોડી રાત્રે ફૂટવેર અને કાપડના વેપારીઓ દ્વારા ગ્રાહકો માટે સસ્તા ભાવે ચીજવસ્તુઓની હરાજી યોજવામાં આવી હતી. વર્ષોથી ચાલી આવતી આ પરંપરા આ વર્ષે પણ જળવાઈ રહી હતી. દિવાળીની ખરીદી પૂર્ણ થયા બાદ વેપારીઓ વધેલો સ્ટોક ખાલી કરવા માટે હરાજી યોજે છે. જેમાં બ્રાન્ડેડ અને નોન-બ્રાન્ડેડ બૂટ, ચંપલ, શર્ટ સહિતનાં વસ્ત્રો અત્યંત સસ્તા ભાવે વેચવામાં આવ્યાં હતાં. હરાજીની શરૂઆત થતાં જ રાવપુરા રોડ પર ખરીદદારોની ભીડ ઉમટી પડી હતી. મનપસંદ ચીજવસ્તુઓ ઓછી કિંમતે મેળવવા યુવાનો અને નગરજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોડી રાત સુધી ગ્રાહકો બોલી લગાવી ખરીદી કરતા રહ્યા હતા. સ્થાનિક વેપારીઓના જણાવ્યા મુજબ, દિવાળીની રાત્રે જૂનો સ્ટોક કાઢી નવા વર્ષની નવી શરૂઆત કરવાની આ પરંપરા વર્ષોથી ચાલી આવે છે.

લાભપાંચમથી થશે વડોદરાના બજારોમાં વેપાર-ધંધાના પુનઃ શ્રીગણેશ

દિવાળી અને નૂતન વર્ષની રજાઓ બાદ હવે વડોદરા સહિત ગુજરાતનાં બજારો ફરી ધમધમવા સજ્જ બન્યાં છે. લાભપાંચમના શુભ દિવસે વેપારીઓ પોતાના ધંધા-રોજગારનો પુનઃ પ્રારંભ કરશે. ગુજરાતી પરંપરા મુજબ લાભપાંચમનો દિવસ વેપાર-વ્યવસાય માટે શુભ અને ફળદાયી માનવામાં આવે છે. વડોદરાના એમ.જી. રોડ, માંડવી, અલકાપુરી અને ન્યાયમંદિર સહિતનાં મુખ્ય બજારોમાં દુકાનો અને ઓફિસો ખુલશે. વેપારીઓ ચોપડા અને લક્ષ્મીપૂજન કરી નવા વર્ષના વેપારની શરૂઆત કરશે. ગ્રાહકોનું મોં મીઠું કરાવી બોણી અને મુહૂર્ત કરવામાં આવશે. તહેવારોની રજાઓ દરમિયાન સુમસામ બનેલાં બજારોમાં ફરી ઘરાકીનો માહોલ જામવાની આશા છે. નવા જોશ અને ઉમંગ સાથે વેપારીઓ આર્થિક વ્યવહારો શરૂ કરશે.

દિવાળી અને નૂતન વર્ષના પર્વે દીવડાઓ અને રોશનીથી ઝળહળતી સંસ્કારી નગરી

દિવાળી અને નૂતન વર્ષના પવિત્ર પર્વે સંસ્કારી નગરી વડોદરાનો ખૂણે-ખૂણો અદ્ભુત અને મનોહર રોશનીથી ઝળહળી ઉઠ્યો છે. સમગ્ર વડોદરા શહેર જાણે રોશનીથી ચકમકી રહ્યું હોય તેવો આહલાદક નજારો જોવા મળી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો, વેપારી મથકો, સરકારી ભવનો તેમજ રહેણાંક વિસ્તારોમાં ઠેર-ઠેર પ્રગટાવાયેલા પરંપરાગત કોડિયાના દીવાઓ અને વિવિધ રંગબેરંગી ઝગમગતી લાઇટોની રોશનીથી આખું શહેર જગમગી ઉઠ્યું છે. અંધકાર પર પ્રકાશના વિજય સમાન આ ઉત્સવમાં ઝળહળતી રોશનીના કારણે વડોદરાની શોભામાં ચાર ચાંદ લાગી ગયા છે. નૂતન વર્ષના પ્રારંભે રોશનીથી નહાયેલી સંસ્કારી નગરીનું આ વિહંગમ દ્રશ્ય વડોદરાવાસીઓ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે.

PM2.5 અને PM10 નું પ્રમાણ ભયજનક સ્તરે

વડોદરામાં હવા ઝેરીલી બની, AQI 837 પર પહોંચ્યો, સ્થિતિ અત્યંત જોખમી

શ્વાસના દર્દીઓ અને વડીલોને ઘરમાં રહેવાની સલાહ

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

દિવાળીની ઉજવણી પૂર્ણ થયા બાદ વડોદરા શહેરની હવામાં ઝેર ભળી ગયું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. શહેરમાં વાયુ પ્રદૂષણનું સ્તર ચિંતાજનક હદે વધી જતા એર ક્વોલિટી ઈન્ડેક્સ 837 જેટલો નોંધાયો છે. હવાની ગુણવત્તાને Hazardous એટલે કે અત્યંત જોખમી કેટેગરીમાં મૂકવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, તા.૯ નવેમ્બરના રોજ રાત્રે 12.21 વાગ્યે લાઈવ એર ક્વોલિટી ઈન્ડેક્સમાં વડોદરાનો AQI 837 નોંધાયો હતો. આ આંકડો સામે આવતા જ સ્થાનિક તંત્ર સહિત નાગરિકોમાં ચિંતા વ્યાપી ગઈ છે. વાયુ પ્રદૂષણ માપતા ડેટા મુજબ હવામાં નુકસાનકારક સૂક્ષ્મ રજકણોનું



પ્રમાણ સામાન્ય કરતા અનેક ગણું વધારે જોવા મળ્યું હતું. PM2.5 633 માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર, PM10 767 માઈક્રોગ્રામ પ્રતિ ઘનમીટર. આ પ્રમાણ માનવ સ્વાસ્થ્ય માટે અત્યંત હાનિકારક માનવામાં આવે છે. આ ઉપરાંત તે સમયે વડોદરાનું તાપમાન 26 ડિગ્રી સેલ્સિયસ, આકાશ ચોખ્ખું, ભેજનું પ્રમાણ 32 ટકા અને પવનની ઝડપ 7.6 કિ.મી. પ્રતિ કલાક નોંધાઈ હતી. પ્રદૂષણનું આ સ્તર નાગરિકોના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમ ઊભું કરી શકે છે. ખાસ કરીને શ્વાસની બીમારી ધરાવતા દર્દીઓ, વડીલો અને બાળકોએ સાવચેતી રાખવી જરૂરી છે. બિનજરૂરી રીતે ઘરની બહાર ન નીકળવા અને માસ્કનો ઉપયોગ કરવા તબીબો દ્વારા સલાહ આપવામાં આવી રહી છે.

નિવૃત્તિ નજીકના ક્લાર્કને મોટી રાહત

હવે ખાતાકીય પરીક્ષા વગર મળશે ઉચ્ચતર પગાર ધોરણ

ત્રણ તક પૂરી થાય તે પહેલા નિવૃત્ત થતા કર્મચારીઓને લાભ,શિક્ષણ વિભાગે જિલ્લા શિક્ષણાધિકારીઓ પાસે માગી યાદી

(પ્રતિનિધિ) વડોદરા, તા.૯

રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફરજ બજાવતા બિનશૈક્ષણિક કર્મચારીઓ માટે શિક્ષણ વિભાગે મહત્ત્વનો નિર્ણય લીધો છે. ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા ખાતાકીય પરીક્ષા પાસ કરવી ફરજિયાત છે, પરંતુ નિયત ત્રણ તક પૂર્ણ થાય તે પહેલાં નિવૃત્ત થયેલા અથવા નિવૃત્ત થનારા કેટલાક ક્લાર્કને પરીક્ષામાંથી મુક્તિ આપી લાભ આપવાની કાર્યવાહી હાથ ધરાઈ છે.

શિક્ષણ વિભાગના જણાવ્યા અનુસાર, આવા કર્મચારીઓની વિગતો એકત્ર કરવા કમિશનર શાળાઓની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને પરિપત્ર પાઠવાયો છે. તેમાં કર્મચારીનું નામ, શાળાનું નામ, હોદ્દો, જન્મ તારીખ, નિવૃત્તિની તારીખ, પરીક્ષા પાસ ન થવાનું કારણ અને બાકી ઉચ્ચતર પગાર ધોરણની વિગતો માગવામાં આવી છે. ડીઈઓ કચેરીઓએ સાત દિવસમાં સોફ્ટ અને હાર્ડ કોપીમાં દરખાસ્ત મોકલવાની રહેશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા વહીવટી કર્મચારી સંઘ મહામંડળે આ મુદ્દે રજૂઆત કરી હતી. વર્ગ-૩ના કેટલાક કર્મચારીઓ બઢતી અને ઉચ્ચતર પગાર ધોરણ માટે પાત્ર હોવા છતાં ત્રણ તક મળે તે પહેલાં નિવૃત્ત થઈ ગયા છે અથવા નવેમ્બર-2026 સુધીમાં નિવૃત્ત થવાના છે. તેમને ન્યાયિક રીતે લાભ આપવા માગ કરાઈ હતી. જેને પગલે શિક્ષણ વિભાગે હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.

સુરક્ષાના ભાગરૂપે BDS અને ડોગ સ્કવોડ દ્વારા ચેકિંગ શરૂ કરાયું

BOB અને BOI સહિત 3 બેંકોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

બેંક ઓફ બરોડા અને બેંક ઓફ ઇન્ડિયા સહિતની બેંકોને ધમકીભર્યા ઈમેઇલ મળતાં પોલીસ દોડતી થઈ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 9

વડોદરા શહેરમાં બેંક ઓફ બરોડા અને બેંક ઓફ ઈન્ડિયા સહિત અનેક બેંકોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યા ઈમેઈલ મળતાં પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ છે. શહેરની અલગ-અલગ બેંકોને નિશાન બનાવી અજાણ્યા શખ્સ દ્વારા ઈમેઈલ મારફતે બોમ્બ બ્લાસ્ટ કરવાની ચેતવણી આપવામાં આવતાં બેંક કર્મચારીઓ અને અધિકારીઓમાં ફફડાટ ફેલાયો હતો. ઘટનાની ગંભીરતાને પગલે સ્થાનિક પોલીસ, ઉચ્ચ અધિકારીઓ અને ક્રાઈમ બ્રાન્ચની ટીમો દોડી ગઈ હતી. BDS અને ડોગ સ્કવોડ દ્વારા બેંક પરિસરોમાં સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી.

વડોદરા શહેરમાં અજાણ્યા શખ્સે ધમકીભર્યા ઈમેઈલ મોકલી બેંકિંગ સંસ્થાઓને નિશાન બનાવી છે. જેમાં રાવપુરા રોડ પર આવેલી બેંક ઓફ ઈન્ડિયા અને સયાજીગંજના સૂરજ પ્લાઝા બિલ્ડિંગમાં આવેલી બેંક ઓફ બરોડાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત શહેરની અન્ય બેંકોને પણ ધમકીભર્યા ઈમેઈલ મળ્યાની વિગતો સામે આવતાં સુરક્ષા એજન્સીઓ એલર્ટ થઈ ગઈ છે.

સયાજીગંજની બેંક ઓફ બરોડાના મેનેજર એસ.કે. ત્યાગીના જણાવ્યા મુજબ, બેંકના સત્તાવાર Gmail આઈડી પર બેંક સંકુલને બોમ્બથી ઉડાવી દેવાની ચેતવણી આપતો ઈમેઈલ મળ્યો હતો. બીજી તરફ, બેંક ઓફ ઈન્ડિયાની રાવપુરા રોડ શાખાને પણ આવી જ ધમકી મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી.ધમકીની જાણ થતાં બેંકોમાં ગ્રાહકોની અવરજવર બંધ કરાવી કર્મચારીઓ અને ગ્રાહકોને બહાર કાઢવામાં આવ્યા હતા. પોલીસની ટીમોએ બેંક પરિસરોનો કબજો લઈ આસપાસના વિસ્તારોમાં પણ તકેદારી રાખી હતી. ત્યારબાદ બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ અને ડોગ સ્કવોડ દ્વારા બેંકોના રૂમ, માળ અને આસપાસના વિસ્તારોમાં ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ પણ વડોદરામાં શાળાઓ, અદાલતો અને જેલને પણ બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી ચૂકી છે. હવે બેંકિંગ સંસ્થાઓને એકસાથે નિશાન બનાવવામાં આવતાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ચિંતા ઊભી થઈ છે. ધમકીભર્યા ઈમેઈલ પાછળ કોણ છે અને કયા સ્થળેથી ઈમેઈલ મોકલવામાં આવ્યા છે તે જાણવા સાયબર ક્રાઈમની મદદથી તપાસ શરૂ કરવામાં આવી છે.



પોલીસને જાણ કરી બેંક ખાલી કરાવી, સ્ટાફને સુરક્ષિત બહાર ખસેડ્યો

વડોદરાની બેંક ઓફ બરોડાના અધિકારી એસ.કે. ત્યાગીએ જણાવ્યું હતું કે, બેંકના સત્તાવાર Gmail આઈડી પર પોણા બારથી બાર વાગ્યાની આસપાસ ધમકીભર્યો ઈમેઇલ મળ્યો હતો. ઈમેઇલની જાણ થતાં જ તાત્કાલિક પોલીસને માહિતી આપી દેવામાં આવી હતી. પોલીસે પણ ઝડપથી સ્થળ પર પહોંચી કાર્યવાહી શરૂ કરી હતી. સુરક્ષાને ધ્યાનમાં રાખીને બેંકના સમગ્ર સ્ટાફને સુરક્ષિત રીતે બહાર ખસેડી બેંક પરિસર ખાલી કરાવી દેવામાં આવ્યું હતું. હાલ પોલીસ દ્વારા જરૂરી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી રહી છે.

દિવાળીના ઉત્સાહ વચ્ચે અસામાજિક તત્ત્વોનું શહેરમાં અશાંતિ ફેલાવવાનું કાવતરું

દિવાળીના તહેવારને લઈને વડોદરા શહેરમાં ઉત્સાહ અને ખુશીનો માહોલ છવાયો છે, ત્યારે કેટલાક અસામાજિક તત્ત્વો શહેરની શાંતિ ડહોળવાનો પ્રયાસ કરી રહ્યા હોય તેમ જણાય છે. પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરાઈ છે.

ખાલિસ્તાન નેશનલ આર્મી, બબ્બર ખાલસા, મોદી સ્ટેડિયમ અને અમિતાભના બંગલાનો ઉલ્લેખ

દિવાળીના માહોલ વચ્ચે વડોદરા શહેરની બેંકોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળતાં પોલીસ તંત્રમાં હડકંપ મચ્યો છે. સયાજીગંજના સુરજ પ્લાઝા સ્થિત બેંક ઓફ બરોડાને ધમકીભર્યો ઈ-મેઇલ મળતાં સ્થાનિક પોલીસ, BDDS અને SOGની ટીમો દોડી ગઈ હતી. DCP ઝોન-1 જગદીશ ચાવડાના જણાવ્યા મુજબ, 'સીરા કોનતે' નામના ઈ-મેઇલ આઈડી પરથી મેઇલ મોકલાયો હતો. પોલીસની તપાસમાં બેંક ઓફ ઇન્ડિયા રાવપુરા ગોરવા અને સયાજીગંજની બીઓબી બેંકને પણ આવા મેઇલ મળ્યાનું ખુલ્યું છે. ગર્ભિત ધમકી ભર્યા મેઇલમાં ખાલિસ્તાન નેશનલ આર્મી, બબ્બર ખાલસા, મોદી સ્ટેડિયમ અને અમિતાભ બચ્ચનના બંગલાનો ઉલ્લેખ કરાયો છે. હવે સાયબર ક્રાઇમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરાશે.

'કચરા કાંડ કમિશનરની નોટિસ છતાં મંજલપુરમાં ખુલ્લેઆમ ડોર-ટુ-ડોર ગાડીઓમાંથી ભંગાર વેચી રોકડી!

'હા, અમે કચરો વેચીએ છીએ, ઉપર સુધી બધાને ખબર છે'

કમિશનરની નોટિસ છતાં મંજલપુરમાં ખુલ્લેઆમ ડોર-ટુ-ડોર ગાડીઓમાંથી ભંગાર વેચી રોકડી!

ગાડી ચાલકની બેફામ કબૂલાત; સોલિડ વેસ્ટથી લઈને TP વિભાગ સુધી તટસ્થ તપાસ થાય તો અડધો સ્ટાફ ઘર ભેગો થાય તેવી સ્થિતિ

(પ્રતિનિધિ) વડોદરા તા.૯

વડોદરા મહાનગરપાલિકામાં કચરાના બારોબાર વેચાણનો વધુ એક કિસ્સો સામે આવતાં ચકચાર મચી છે. વોર્ડ નંબર 18ના માંજલપુર વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરો એકત્ર કરતી ગાડીમાંથી પ્લાસ્ટિક, પતરા સહિતનો ભંગાર કાઢી ભંગારવાળાને વેચી રોકડી કરવામાં આવતી હોવાનો વીડિયો સામે આવ્યો છે. અગાઉ પણ કચરાના વેચાણ અંગે રજૂઆત થઈ હોવા છતાં કોઈ





નક્કર કાર્યવાહી ન થતાં આવી પ્રવૃત્તિ ચાલુ હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

માંજલપુરમાં કચરો એકત્ર કરતી ગાડીના ચાલકે કચરામાંથી વિણેલો સામાન કોથળામાં ભરી ભંગારવાળાને વેચ્યો હતો. આ અંગે 'ગુજરાત મિત્ર'ના પ્રતિનિધિએ વીડિયો રેકોર્ડિંગ સાથે ચાલકને પૂછપરછ કરતાં તેણે કચરો વેચતા હોવાની કબૂલાત કરી હતી. એટલું જ નહીં, આ બાબતની અધિકારીઓ અને સુપરવાઈઝરોને પણ જાણ હોવાનો દાવો કરી ફરિયાદ કરવી હોય તેને કરવાની બેફિકરાઈ દર્શાવી હતી. આશ્ચર્યની વાત એ છે કે ચાલકને કોન્ટ્રાક્ટરનું નામ પણ ખબર ન હોવાનું જણાવ્યું હતું. બીજી તરફ, ગાડીઓના સંચાલન અને ડમ્પિંગ સાઈટ સુધી કચરો પહોંચે છે કે નહીં તેનું સુપરવિઝન કરતા કરણભાઈ નામના સુપરવાઈઝરનો સંપર્ક કરતાં તેમણે આ બાબત પોતાની જાણ બહાર હોવાનું જણાવી જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા. આમ, ચાલક અધિકારીઓને જાણ હોવાનો દાવો કરે છે, જ્યારે સુપરવાઈઝર અજાણ હોવાની વાત કરે છે.

કચરા કાંડમાં ફરી નોટિસની નીતિ કે જવાબદારો સામે થશે કડક કાર્યવાહી?

આ અંગે કોર્પોરેશનના અધિકારી સ્વપ્નિલનો સંપર્ક કરતાં તેમણે ગાડીનો નંબર માગી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. અગાઉ પણ કચરાના વેચાણ અંગે રજૂઆત બાદ કોન્ટ્રાક્ટરને નોટિસ આપવામાં આવી હતી, પરંતુ ત્યારબાદ શું કાર્યવાહી થઈ તે અંગે સ્પષ્ટતા નથી. હાલના કિસ્સામાં વીડિયો, ફોટોગ્રાફ્સ અને અધિકારીઓ સાથેની વાતચીતનાં રેકોર્ડિંગ પણ હોવાનો દાવો કરવામાં આવ્યો છે. કચરાના વેચાણ પાછળ જવાબદાર કોણ છે, ગાડીચાલક અને સુપરવાઇઝરની ભૂમિકા શું છે તથા અધિકારીઓની દેખરેખ કેટલી અસરકારક છે તેવા સવાલો ઊભા થયા છે. હવે પાલિકા તંત્ર માત્ર નોટિસ આપીને સંતોષ માને છે કે સમગ્ર મામલે તટસ્થ તપાસ કરાવી જવાબદારો સામે કડક પગલાં ભરે છે તે જોવાનું રહેશે.